New Sheth P. T. Multispeciality Hospital
ન્યુ શેઠ પી. ટી. મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
સુરત જનરલ હોસ્પિટલ - ડૉ. ભટ્ટ હોસ્પિટલની શાખા
ડૉ. મધુકર પરીખ
(M.D. Medicine)
સોમ થી શનિ : સવારે ૧૧:૦૦ થી ૧૨:૩૦
ડૉ. ઉમેશ નકુમ
(M.D. Medicine)
સોમ થી શનિ :
સવારે ૧૧:૩૦ થી ૧:૩૦, સાંજે ૦૫:૩૦ થી ૦૮:૩૦
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ
યુનિવર્સલ બિઝનેશ સેન્ટર, 'બી' વિંગ, શા. રતિલાલ જ્વેલર્સની ગલીમાં, મધુવન સર્કલ પાસે, એલ. પી. સવાણી રોડ, અડાજણ, સુરત.
Ph. 9327731021, 0261- 2994800, 2995800, 2383838

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૧ આસો સુદ બારસ, શનિવાર ૪ ઓક્ટોબર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૮૨

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

### અમેરિકી ટેરિફ છતાં ભારતે રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ આયાત કર્યું હોવાથી ભારત સાથેની વેપાર અસમતુલા ઓછી કરવા પુટિનનો આદેશ

# રશિયા ભારત પાસેથી ખરીદી વધારશે

**વેપાર** અસમતુલા વધી ગઇ છે, આ અસમતુલા ઓછી કરવા ભારત પાસેથી વધુ પ્રમાણમાં ખેતપેદાશો અને દવાઓ ખરીદવા રશિયન સરકારને સૂચના

**પુટિને** કહ્યું કે જો રશિયન ઓઇલનો પુરવઠો અટકી જાય તો વિશ્વમાં ઓઇલના ભાવ ઘણા વધી જાય

**મોસ્કો, તા. 3 :** રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિને ભારત સાથેની વેપાર અસમતુલા હળવી કરવા માટે ભારત પાસેથી વધુ કૃષિ પેદાશો અને દવાઓ ખરીદવા સહિતના સાધનોનો ઉપયોગ કરવા માટે આદેશ આપ્યો છે, જે અસમતુલા ભારત દ્વારા રશિયાથી મોટા પ્રમાણમાં ક્રૂડની કરવામાં આવી રહેલી આયાતને કારણે સર્જાઇ છે.

પુટિનની આ જાહેરાત તેઓ ડિસેમ્બરની શરૂઆતમાં ભારતની મુલાકાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની વાર્ષિક સમિટ માટે આવે તેના સપ્તાહો પહેલા આવી છે. રશિયન પ્રમુખે દક્ષિણ રશિયામાં કાળા સમુદ્ર ખાતેના સોચી રિસોર્ટ ખાતે ગુરુવારે મોડી સાંજે ઇન્ટરનેશનલ વલ્દાઇ ડિસ્કસન ફોરમ ખાતે બોલતા આ વાત કહી હતી, જે ફોરમ ભારત સહિતના ૧૪૦ દેશોના સુરક્ષા અને ભૂરાજકીય નિષ્ણાતોનો મંચ છે.

...અનુસંધાન પાના 5 પર




### રશિયન પ્રમુખ પુટિને વડાપ્રધાન મોદીને સમતોલ, ડાહ્યા નેતા તરીકે વખાણ્યા

**સોચી :** અહીં વલ્દાઇ ફોરમમાં ભાષણ કરતા રશિયન પ્રમુખ પુટિને ભારતીય વડાપ્રધાન મોદીની એક સમતોલ, ડાહ્યા નેતા તરીકે પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે તેઓ રાષ્ટ્રવાદથી દોરાયેલા નેતા છે અને તેઓ દેશના હિતની વિરુદ્ધ હોય તેવા નિર્ણયો ક્યારેય લેશે નહીં. ભારતીયો અંગે બોલતા પુટિને કહ્યું હતું કે ભારતીય લોકો ક્યારેય એ સહન કરશે નહીં કે તેમના રાષ્ટ્રીય હિતો અને પ્રાથમિકતાઓની વિરુદ્ધમાં હોય તેવા નિર્ણયો લેવા માટે તેમને કોઇ દબડાવી શકશે નહીં. ભારત પોતાને કોઇથી ક્યારેય અપમાનિત થવા દેશે નહીં. હું વડાપ્રધાન મોદીને જાણું છું, તેઓ દેશને ઝુકવુ પડે તવો કોઇ નિર્ણય લેશે નહી એમ પુટિને કહ્યું હતું.

### અમેરિકા ભારત પર રશિયન ઓઇલ ન ખરીદવા દબાણ કરે છે અને પોતે યુરેનિયમ ખરીદે છે

પોતાના ભાષણમાં, પુતિને અમેરિકા પર પણ કટાક્ષ કર્યો. તેમણે કહ્યું કે તે ભારત જેવા દેશોને રશિયન ઊર્જા ન ખરીદવા માટે દબાણ કરે છે, જ્યારે તે પોતે યુરેનિયમ માટે રશિયા પર નિર્ભર છે. પુતિને કહ્યું કે રશિયા યુનાઇટેડ સ્ટેટ્સને યુરેનિયમ સપ્લાય કરવાનું ચાલુ રાખશે. તેમણે કહ્યું કે અમેરિકા તે આપણી પાસેથી ખરીદે છે કારણ કે તેનાથી તેને ફાયદો થાય છે.

## ભારત S-400 મિસાઈલ સિસ્ટમનો વધારાનો જથ્થો ખરીદી શકે છે

**ઓપરેશન** સિંદૂર દરમિયાન એસ-400 સિસ્ટમોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી

**ડિસેમ્બરમાં** રશિયા પ્રમુખ વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાત દરમિયાન આ મુદ્દે ચર્ચા કરી શકાય છે

**નવી દિલ્હી, તા. 3 (PTI):** ભારત રશિયા પાસેથી એસ-400 સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમના વધારાનો જથ્થો ખરીદવાનું વિચારી રહ્યું છે કારણ કે ઓપરેશન સિંદૂર દરમિયાન આ શસ્ત્રો ખૂબ જ અસરકારક સાબિત થયા હતા, એમ આ બાબતથી પરિચિત લોકોએ શુક્રવારે જણાવ્યું હતું. એવું જાણવા મળ્યું છે કે ડિસેમ્બરમાં રશિયા પ્રમુખ વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાત લેશે ત્યારે નવી દિલ્હી અને મોસ્કો વચ્ચેની વાટાઘાટોમાં પ્રસ્તાવિત ખરીદીનો મુદ્દો ઉઠાવી શકાય છે.

ઓક્ટોબર 2018માં, ભારતે રશિયા સાથે એસ-400 હવાઈ સંરક્ષણ મિસાઈલ સિસ્ટમના પાંચ યુનિટ ખરીદવા માટે 5 અબજ ડોલરના સોદા પર હસ્તાક્ષર કર્યા હતા, જોકે અમેરિકા દ્વારા ચેતવણી આપવામાં આવી હતી કે આ કરાર સાથે આગળ વધવાથી કાઉન્ટરિંગ અમેરિકાઝ એડવર્સરીઝ થ્રુ સેક્શન્સ એક્ટની (સીએએટીએસએ) જોગવાઈઓ હેઠળ અમેરિકી પ્રતિબંધો લાગી શકે છે.

ત્રણ સ્ક્વોડ્રન પહેલાથી જ ડિલિવર કરવામાં આવ્યા છે. એક પત્રકાર પરિષદમાં જ્યારે વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહને પૂછવામાં આવ્યું કે શું ભારત આ હથિયાર પદ્ધતિના વધારાનો જથ્થો ખરીદવાનું વિચારી રહ્યું છે, ત્યારે તેમણે સીધો જવાબ આપ્યો ન હતો. 'દેખીતી રીતે, તે સારી પદ્ધતિ રહી છે. તેથી, આવી વધુ પદ્ધતિ હોવી જરૂરી છે; તમે કેટલી ખરીદી શકો તેની કોઈ મર્યાદા નથી. ફરીથી, હું શું યોજના છે તે અંગે મૌન છું કે આપણે વધુ ખરીદવા માગીએ છીએ કે નહીં, કેટલું વગેરે', એમ તેમણે કહ્યું. તે એક સારી શસ્ત્ર પ્રણાલી સાબિત થઈ છે. અમારી પોતાની સિસ્ટમ પણ વિકસાવવામાં આવી રહી છે. તેથી અમે તેના પર નિર્ણય લઈશું, એમ તેમણે કહ્યું. ઓપરેશન સિંદૂર દરમિયાન એસ-400 સિસ્ટમોએ

...અનુસંધાન પાના 5 પર

## કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં મોસમની પ્રથમ હિમવર્ષા



**રવિવારથી** સક્રિય પશ્ચિમી વિક્ષેપ જમ્મુ અને કાશ્મીર અને આસપાસના વિસ્તારોને અસર કરે તેવી શક્યતા

**શ્રીનગર, તા. 3 (PTI):** કાશ્મીરના ઊંચાઈવાળા વિસ્તારોમાં શુક્રવારે મોસમનો પહેલો બરફ પડ્યો હતો, આગામી દિવસોમાં વધુ બરફ પડવાની શક્યતા છે, એમ હવામાન વિભાગે જણાવ્યું હતું.

ઉત્તર કાશ્મીરના બારામુલ્લામાં ગુલમર્ગના પ્રખ્યાત સ્કી રિસોર્ટમાં અફરવત અને દક્ષિણમાં અનંતનાગ જિલ્લામાં સિન્થન ટોપમાં બરફ પડ્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

શ્રીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારો સહિત મેદાની વિસ્તારોમાં કેટલાક સ્થળોએ હળવો વરસાદ પડ્યો હતો.

રવિવારથી સક્રિય પશ્ચિમી વિક્ષેપ જમ્મુ અને કાશ્મીર અને આસપાસના વિસ્તારોને અસર

...અનુસંધાન પાના 11 પર

### બે વર્ષથી નાના બાળકોને કફ સીરપ આપવી નહીં

**નવી દિલ્હી, તા. 3 (PTI):** કેન્દ્રએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એક માર્ગદર્શિકા જારી કરી છે, જેમાં નિર્દેશ આપવામાં આવ્યો છે કે બે વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ઉધરસ અને શરદીની દવાઓ સૂચવવી જોઈએ નહીં. આરોગ્ય સેવા મહાનિર્દેશાલય (DGHS) દ્વારા જારી કરાયેલ આ માર્ગદર્શિકા મધ્યપ્રદેશમાં દૂષિત ઉધરસ સિરપથી કથિત રીતે જોડાયેલા બાળકોના મૃત્યુના અહેવાલો વચ્ચે આવી છે. દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે નોંધ્યું છે કે મધ્યપ્રદેશમાં પરીક્ષણ કરાયેલા કોઈપણ સીરપ નમૂનામાં ડાયેથિલિન ગ્લાયકોલ (DEG) અથવા ઇથિલિન ગ્લાયકોલ (EG) - દૂષકો નથી જે કિડનીને ગંભીર ઇજા પહોંચાડવા માટે જાણીતા છે. આરોગ્ય મંત્રાલય હેઠળ આવતા DGHS એ માર્ગદર્શિકામાં જણાવ્યું હતું કે સામાન્ય રીતે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે

...અનુસંધાન પાના 5 પર

## ઓપરેશન સિંદુરમાં પાકિસ્તાને 12-13 વિમાનો ગુમાવ્યા : એર ચીફ માર્શલ

**આ વિમાનોમાં** એફ-16, જેએફ-17 પણ સામેલ, જમીન પર ભારતે રડાર સિસ્ટમ્સ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર્સ, રનવે અને હેંગર્સ પર સચોટ હુમલા કર્યા હતા

**ભારતને** થયેલા નુકસાનની વાતો પાકિસ્તાને ઘડેલી મનોહર કહાણીઓ

**અમે પાકિસ્તાનને** એવી સ્થિતિમાં પહોંચાડ્યું જ્યાં તેને યુદ્ધવિરામ માટે કહેવું પડ્યું હતું

**નવી દિલ્હી, તા. 3:** ભારતીય હવાઈ દળના (આઈએએફ) વડા એ પી સિંહે શુક્રવારે એક મોટો ખુલાસો કરતા કહ્યું કે મે મહિનામાં યુદ્ધ દરમિયાન હવાઈ દળે ૧૨થી ૧૩ પાકિસ્તાની ફાઈટર જેટ તોડી પાડ્યા હતા કે તેમને નુકસાન પહોંચાડ્યું હતું, જેમાં અમેરિકામાં નિર્મિત એફ-16 અને ચીની જેએફ-17 વિમાનો પણ સામેલ હતા.

93મા વાયુસેના દિવસની ઉજવણી પહેલા એક પત્રકાર પરિષદને સંબોધન કરતા આઈએએફના વડાએ ભારતીય જેટ તોડી પાડવામાં આવ્યા હોવાના દાવાઓને પણ ફગાવી દીધા અને તેમને પાકિસ્તાન દ્વારા ઘડી કાઢવામાં આવેલ મનોહર કહાણીઓ ગણાવી હતી. ઓપરેશન સિંદૂર દરમિયાન પહેલીવાર પાકિસ્તાનના નુકસાનનું સ્પષ્ટ ચિત્ર આપતા, હવાઈ દળના વડાએ કહ્યું કે ભારતે એફ-16 અને જેએફ-17 વર્ગના 4-5 ફાઈટર જેટ અને હવામાં એક

...અનુસંધાન પાના 5 પર



### હવાઇ દળને હજી ઘણુ શક્તિશાળી બનાવાશે

તેમણે કહ્યું કે IAF એ રોડમેપ 2047 હેઠળ તેની લડાઇ ક્ષમતાઓને વિસ્તૃત કરવાની યોજનાને અંતિમ સ્વરૂપ આપી દીધું છે અને આગામી બે દાયકા સુધી તેની હવાઈ શક્તિને વધારવા માટે દર વર્ષે 35 થી 40 નવા વિમાનોની જરૂર પડશે જેમાં લડાયક જેટનો સમાવેશ થાય છે.

### ત્રાસવાદી જૂથો તેમના થાણા ભલે અંદર ખસેડે, ભારત ત્યાં પણ પહોંચી શકે છે

ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાનમાં વિવિધ આતંકવાદી જૂથો તેમના ઠેકાણા ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં સ્થાનાંતરિત કરી રહ્યા છે તેવા અહેવાલો અંગે તેમણે કહ્યું કે તે અપેક્ષિત હતું અને ભારતીય વાયુસેના પાસે તેમના ઠેકાણાઓને એકદમ સચોટ લક્ષ્યાંક સાથે ફટકારવા માટે અંદર સુધી જવાની ક્ષમતા છે.

### સૈન્યના વડાની પાકિસ્તાનને ચેતવણી

## ભારત બીજી વખત સંયમ નહીં દર્શાવશે



**જો પાકિસ્તાન** વિશ્વના નકશા પર પોતાનું સ્થાન જાળવી રાખવા માગે છે, તો તેણે સરકાર પ્રાયોજિત ત્રાસવાદ બંધ કરવો પડશે

**અનુપગઢ-જયપુર, તા. 3 (PTI):** પાકિસ્તાનને કડક ચેતવણી આપતા, આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શુક્રવારે કહ્યું હતું કે જો પાડોશી દેશ વિશ્વના નકશા પર પોતાનું સ્થાન જાળવી રાખવા માગે છે, તો તેણે તેની ધરતી પર ત્રાસવાદને પ્રોત્સાહન આપવાનું બંધ કરવું જોઈએ.

આર્મી ચીફે (સીઓઓએસ) એમ પણ કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન નવી દિલ્હી દ્વારા દર્શાવેલ સંયમનું ભવિષ્યમાં સૈન્ય સંઘર્ષના કિસ્સામાં પુનરાવર્તન

## અરબી સમુદ્રમાં ચક્રવાતી તોફાન 'શખ્તિ' તીવ્ર બનવાની શક્યતા

**આ સિસ્ટમ** ભારતથી દૂર ઉત્તરપશ્ચિમ અરબી સમુદ્રમાં ખસી જવાની અપેક્ષા છે, પરંતુ તે પહેલાં તેના કારણે ગુજરાત-ઉત્તર મહારાષ્ટ્ર કાંઠા પર દરિયો ખૂબ જ તોફાની બનશે અને તીવ્ર વાવાઝોડું આવશે

**નવી દિલ્હી, તા. 3:** ભારતીય હવામાન વિભાગે (આઈએમડી) એ જણાવ્યું હતું કે ઉત્તરપૂર્વીય અરબી સમુદ્ર પર ડીપ ડીપ્રેશન થોડા કલાકોમાં ચક્રવાતી તોફાન 'શક્તિ' તીવ્ર બનવાની અને વધુ મજબૂત બનીને ગંભીર ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ જવાની શક્યતા છે, જેના કારણે ભારતના પશ્ચિમ કાંઠાને એલર્ટ પર રાખવામાં આવ્યું છે. હાલમાં દ્વારકા અને પોરબંદરની પશ્ચિમમાં સ્થિત આ સિસ્ટમ ભારતથી દૂર ઉત્તરપશ્ચિમ અરબી સમુદ્રમાં ખસી જવાની અપેક્ષા છે, પરંતુ તે પહેલાં તેના કારણે ગુજરાત-ઉત્તર મહારાષ્ટ્ર કાંઠા પર દરિયો ખૂબ જ તોફાની બનશે અને તોફાન આવશે. ચોમાસા પછીની ઋતુનું આ પહેલું મોટું અરબી સમુદ્રનું વાવાઝોડું છે, અને તેનું નામ, 'શખ્તિ', 'ચક્રવાત શક્તિ' અંગે અગાઉની મૂંઝવણને કારણે ચર્ચા જગાવી રહ્યું છે આ ચક્રવાત ખરેખર ક્યારેય બન્યું ન હતું.

...અનુસંધાન પાના 5 પર

### તા. ૦૩-૧૦-૨૦૨૫નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૨૧૩૪ મીમી |

| ઉકાઈ | સપાટી આજની | આઉટફ્લો |
|---|---|---|
| | ૩૪૫.૦ ફૂટ | ૪૦,૩૨૨ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૧.૯ સે. | ૨૪.૮ સે. | ૭૪% |

### વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ દરમિયાન સ્ટેડિયમ બહાર બનેલી ઘટના

## કેન્યા-જાપાનના કોચને દિલ્હીમાં કૂતરાં કરડ્યાં

**જવાહરલાલ** નહેરુ સ્ટેડિયમ બહાર ખેલાડી સાથે વાત કરી રહેલા કેન્યાના કોચને કૂતરું બચકું ભરી ગયું

**જાપાનની** મહિલા કોચને સ્પર્ધા સ્થળની બાજુમાં પ્રેક્ટિસ ટ્રેક પર ખેલાડીઓની ટ્રેનિંગ દરમિયાન કૂતરું કરડ્યું

**નવી દિલ્હી, તા. 03 (PTI) :** શુક્રવારે વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ દરમિયાન કેન્યા અને જાપાનના કોચને અલગ-અલગ ઘટનાઓમાં રખડતા કૂતરાઓએ કરડ્યા હતા, જેના કારણે આયોજકોને ઘણી શરમનો સામનો કરવો પડ્યો હતો. બંનેને નજીકની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી.

આફ્રિકન ટીમના એક અધિકારીએ જણાવ્યું કે, કેન્યાના કોચ ડેનિસ મારાગિયા જવાહરલાલ નેહરુ

...અનુસંધાન પાના 5 પર



### MCDએ સ્ટેડિયમ સંકુલમાં કૂતરાં પકડનારી બે ટીમને કાયમી ધોરણે તૈનાત કરી

આયોજકોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે બંને કોચને તાત્કાલિક તબીબી સહાય આપવામાં આવી હતી અને તેમને સફદરજંગ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ તેઓ તેમની ટીમ હોટલ ગયા હતા. આ ઘટનાઓ

...અનુસંધાન પાના 5 પર